# ટેન્ડર નોટીસ

## કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી, નવસારી કૃષિ યુનિવર્સિટી, ડેડીયાપાડા-૩૯૩૦૪૦

**મલબાર નીમ (મલબાર લીંબડા) તેમજ અન્ય પરચુરણ વૃક્ષોની કાપણી માટેની જાહેર હરાજી બાબત**

આથી લાગતા વળગતા લાકડાના વેપારીઓ અને રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે. કે કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય, નવસારી કૃષિ યુનિવર્સિટી, ડેડીયાપાડા-૩૯૩૦૪૦ ખાતે માલાબાર નીમ (મલબાર લીમડો) નાં ૩૩૫ વૃક્ષો તેમજ અન્ય ૨૪ પરચુરણ ઉભા વૃક્ષો માટે કાપણી કરી લઈ જવાના ઈજારોના ભાવપત્રકો ટેન્ડર દ્વારા મંગાવવામાં આવે છે. રસ ધરાવતા ઈસમોએ કેન્દ્ર ખાતેથી ઉપરોક્ત વૃક્ષોની કાપણી માટેના ટેન્ડર ફોર્મ અત્રેની કચેરી ખાતેથી રૂા. ૬૦૦ (છસો પુરા) રોકડા ભરીને ટેન્ડર ફોર્મ મેળવી તેની સાથે ડીપોઝીટ પેટે રૂા. ૧૦,૦૦૦/- (દસ હજાર પુરા) નો "**PRINCIPAL. CAET AND PAE DEDIAPADA**" ના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેક પોતાના ભાવો સાથે ઈજારદારની સહી-સિક્કા વાળી બોલીઓ અને શરતો સીલબંધ કવરમાં (કવર ઉપર "મલબાર નીમ (મલબાર લીંબડા)નાં વૃક્ષો માટેનું ભાવપત્રક' એમ સ્પષ્ટ લખવું) તા.૩૧/૦૧/૨૦૨૫ ના રોજ કચેરીના સમય પહેલા ઉપરોકત સરનામે રૂબરૂ/ ટપાલ/કુરીયરથી પહોંચતા કરવાના રહેશે. ડીપોઝીટ વગરના ભાવપત્રકો માન્ય રાખવામાં આવશે નહી. આવેલ ભાવપત્રકો તા.૦૧/૦૨/૨૦૨૫ ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રીની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી-૩૯૬૪૫૦ ખાતે કમિટી દ્વારા ઈજારદારોની હાજરીમાં ખોલવામાં આવશે. આવેલ ભાવો કમિટીને યોગ્ય ન લાગશે અને જરૂર જણાશે તો તે જ સમયે અને સ્થળે જાહેર બોલીથી હરાજી કરવામાં આવશે. ઈજારાની બોલીઓ અને શરતો અત્રેની કચેરીએથી અથવા www.nau.in પરથી જોવા મળશે.

આચાર્ય અને ડીન

કૃષિ ઈજનેરી અને ટેકનોલોજી મહાવિદ્યાલય,

નવસારી કૃષિ યુનિવર્સિટી, ડેડીયાપાડા-૩૯૩૦૪૦

(માહિતી-નર્મદા-૩૯૦-૨૦૨૪-૨૫)